મહિલા અને બાળ વિકાસ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળ ખાતાના વડાઓની કચેરીઓમાં કોમ્પ્યુટરાઈઝેશન તથા આઇ.ટી. ને લગતા હાર્ડવેર તથા સોફ્ટવેરની ખરીદી અને આઇ.ટી. સંલગ્ન સેવાઓના અમલીકરણ માટે આઇ.ટી. કમિટીની પુન રચના કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2025/0026/K

સચિવાલય, ગાંધીનગર

તા.    /૦૧/૨૦૨૫

વંચાણે લીધા:-

(૧) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૩૦/૦૭/૨૦૦૪ના ઠરાવ ક્રમાંક: TSP/2004/808/DST

(૨) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૨૩/૦૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક: TSP/2004/808/DST

(૩) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૧૮/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: TSP/2004/808/DST

(૪) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૨૨/૧૧/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક: SPC/102011/1136/(884)/IT (Part File)

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૦૫/૦૫/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: મકમ-૧૦૨૦૧૮-આઇ.ટી. કમિટી-ક

(૬) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૧૪/૦૭/૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક: DIT/14/2015/62482/IT

(૭) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૦૮/૦૭/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક: DST/TSP/24/2022/0001/IT

(૮) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૨૭/૦૫/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: મકમ-૧૦૨૦૧૮-આઇ.ટી. કમિટી-ક

આમુખ:

વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) તથા ક્રમાંક(૨)ના ઠરાવથી આઇ.ટી. ખરીદ નિતિ માર્ગદર્શિકા અને તે મુજબ SPC (IT) ના ચેરમેનશ્રી તથા સભ્યશ્રીઓની રચના કરવામાં આવેલ છે. બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૩) ના ઠરાવથી ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લીમીટેડ (GIL) ને આઇ.ટી. ના હાર્ડવેર/સોફ્ટવેર તેમજ આઇ.ટી. ઉપકરણોની ખરીદી કરવા માટે કેન્દ્રીય ખરીદ સંસ્થા તરીકે જાહેર કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૪) ના પરિપત્રથી સરકાર માન્ય એજન્સી જેમ કે, GIL, NIC, Indext-b અને GIPL ને કન્સલટન્ટ તરીકે કામગીરી કરવા અધિકૃત કરવામાં આવેલ છે.

ઉક્ત ઠરાવો અને પરિપત્રના અનુસંધાને ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૫) ના ઠરાવથી વિભાગ તથા ખાતાના વડાઓની એક જ અને સંયુક્ત આઇ.ટી. સમિતિ ની રચના કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક(૬) તથા ક્રમાંક(૭)ના પરિપત્રોથી વિભાગની આઇ.ટી. કમિટીમાં સભ્ય સચિવ તરીકે નાયબ નિયામક (આઇ.ટી.), વર્ગ-૧ ની નિયુક્તિ કરવાની જોગવાઇ કરેલ છે અને સરકારશ્રીના વહીવટી વિભાગો ખાતે ફાળવવામાં આવેલ વિભાગ હસ્તકના આઇ.ટી. સંવર્ગના અધિકારીશ્રીઓએ તેઓને ફાળવેલ વહીવટી વિભાગની આઇ.ટી. કમિટીના સભ્ય સચિવ તરીકેની કામગીરી કરવાની તથા સદરહુ સમિતિની બેઠકમાં સંબંધિત નાયબ નિયામક (આઇ.ટી.), વર્ગ-૧ના અધિકારીએ ઉપસ્થિત રહેવાની જોગવાઇ કરેલ છે. તે મુજબ વંચાણે લીધેલ ક્રમાંક(૮)ના ઠરાવથી વિભાગ તેમજ ખાતાના વડાની કચેરીઓની સંયુક્ત આઇ.ટી. સમિતિમાં સભ્ય સચિવ તરીકે આઇ.ટી. સંવર્ગ ના અધિકારી મદદનીશ નાયબ નિયામક (આઇ.ટી.) ને તથા વિભાગના નાયબ સચિવ (મહેકમ) અને સી.આઇ.ઓ. અને નાયબ નિયામક (IT)ને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે. સદરહુ વિગતો ધ્યાને લેતા મહિલા અને બાળ વિકાસ વિભાગની આઇ.ટી. કમિટીની પુન: રચના કરવાની થાય છે. આમ, કોમ્પ્યુટરાઇઝેશન, આઇ.ટી. ને લગતા હાર્ડવેર-સોફ્ટવેરની ખરીદી અને આઇ.ટી. સંલગ્ન સેવાઓના અમલીકરણ માટે મહિલા અને બાળ વિકાસ વિભાગની આઇ.ટી. કમિટીની પુન: રચના કરવા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે મહિલા અને બાળ વિકાસ વિભાગની કોમ્પ્યુટરાઇઝેશન, આઇ.ટી. ને લગતા હાર્ડવેર-સોફ્ટવેરની ખરીદી અને આઇ.ટી. સંલગ્ન સેવાઓના અમલીકરણ માટે આઇ.ટી. કમિટીની નીચે મુજબ પુન: રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કમિટીના સભ્યશ્રીઓ | હોદ્દો |
|---|---|---|
| ૧. | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,<br><br>મહિલા અને બાળ વિકાસ વિભાગ | અધ્યક્ષશ્રી |
| ૨. | નાયબ સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી (મહેકમ) અને સી.આઇ.ઓ., મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૩. | નાયબ સચિવશ્રી (IT), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના પ્રતિનિધિ | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૪. | નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૫. | ચેરમેન/મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૬. | નાયબ નિયામકશ્રી (IT), મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૭. | મદદનીશ નિયામકશ્રી (IT)/ ICT અધિકારી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય સચિવશ્રી |

૨. ઉપર્યુક્ત આઇ.ટી. કમિટીએ મહિલા અને બાળ વિકાસ વિભાગ અને તેના નિયંત્રણ હેઠળ ના ખાતાના વડાઓની કચેરીઓમાં કોમ્પ્યુટરાઇઝેશન, આઇ.ટી. ને લગતા હાર્ડવેર-સોફ્ટવેરની ખરીદી અને આઇ.ટી. સંલગ્ન સેવાઓના અમલીકરણ અંગે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ના આઇ.ટી. કમિટી અને સેક્રેટરીઝ પરચેઝ કમિટી (SPC) (IT) અંગેના ઠરાવમાં જણાવ્યા મુજબ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વખતો વખતની સૂચનાઓ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૩. વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓ દ્વારા આઇ.ટી. કમિટીમાં રજૂ કરવામાં આવતી દરખાસ્ત સંબંધિત પ્રભાગ દ્વારા તેની આઇ.ટી. સંબંધિત યથાર્તતા ચકાસીને સામેલ ફોર્મેટ મુજબ મોકલવાની રહેશે.

૪. વિભાગ અને સંલગ્ન ખાતાના વડાની કચેરીઓએ આઇ.ટી.સંલગ્ન ખરીદી માટે બિડ કરતા પૂર્વે, બિડ આખરી કરતા સમયે, કોઇ પણ એજન્સી (GIL, NIC, GIPL અથવા અન્ય) ને આઇ.ટી. પ્રોજેક્ટ આપતા પહેલા આઇ.ટી. કમિટીની મંજુરી લેવી આવશ્યક રહેશે. રૂપિયા એક (૧) કરોડથી વધુની પ્રોડક્ટસ/સેવા, આઇ.ટી. સંલગ્ન પ્રોજેક્ટસના અમલીકરણ માટે તથા બ્રાન્ડેડ આઇટમ્સની ખરીદી માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ના તા.૨૩/૦૨/૨૦૧૧ ના વંચાણે લીધા (૨) ના ઠરાવ મુજબ સેક્રેટરીઝ પરચેઝ કમિટી (SPC) (IT)ની મંજુરી મેળવવાની રહેશે તથા તે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

૫. પ્રસ્તુત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની e-file પર સચિવશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.બી. કંથારીયા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

<u>નકલ રવાના</u>:

- માન.મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ચેરમેન/મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ, ઉધોગ ભવન, ગાંધીનગર.
- સંયુક્ત/નાયબ સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (મહેકમ) અને સી.આઇ.ઓ., મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી (આઇ.સી.ડી.એસ.), કમિ.શ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં. ૨૦ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી (મહિલા વીંગ), કમિ.શ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં. ૨૦ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ.
- જનરલ મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય આર્થિક વિકાસ નિગમ લિ. ઉધોગ ભવન, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સમાજ કલ્યાણ બોર્ડ, ૨૧, અશોકનગર સોસાયટી, પાલડી ભઠ્ઠા પાસે, અમદાવાદ.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ઇન્ડેક્ષ-બી, બ્લોક નં.૧૮/૨, ઉધોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉધોગ ભવન, ગાંધીનગર.
- સી.ઇ.ઓ. ગુજ. ઇન્ફો. પેટ્રો. લિ. બ્લોક નં.૧૫/૨, ઉધોગ ભવન, ગાંધીનગર.
- ડી.ડી.જી./એસ.આઇ.ઓ, નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, બ્લોક નં. ૧૩/૨, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ નિયામકશ્રી (IT), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મદદનીશ નિયામકશ્રી (IT), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ, ઉધોગ ભવન, ગાંધીનગર.
- વિભાગના તમામ અધિકારીશ્રીઓ/તમામ શાખાઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/ના.સે.અ. સિલેક્ટ ફાઇલ

Signature Not Verified
Signed by: MUKESH KUMAR B KANTHARIA
Under Secretary
Date: 2025.01.18 15:32:18 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign